# ઉઘાડનો ઉત્સવ | પ્રફુલ્લ રાવલ

[**'આંબાવાડી'** : લે. ગભરુ ભડિયાદરા, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૭, પૃ. ૧૦+૯૪, કિં. રૂ. ૫૦/-]

'મારામાં નહોતી ખેંચ-તાણ કે ઉતાવળ' એવું કહેતાં ગભરુ ભડિયાદરા 'ગંભીરતાનું – ભારનું પોટલું ફગાવી' સાવ હળવા થઈને પ્રકૃતિના સૌંદર્યને એમની નજરે ઝીલીને 'આંબાવાડી' એ લલિત નિબંધસંગ્રહમાં રજૂ કરે છે ત્યારે લલિતનિબંધનું અકૃતક રૂપ લભ્ય બને છે. કદની દૃષ્ટિએ આ નિબંધો તદ્દન લઘુ છે અને ભાવની દૃષ્ટિએ એમાં કશુંય વધારાનું પ્રવેશ્યું નથી. કહોને કે નિબંધકારે મહદંશે કશાય આયાસનો આશરો લીધો નથી. પ્રકૃતિના સૌંદર્યને જોઈ-માણીને નિજી ભાવની અભિવ્યક્તિ આ નિબંધોનું નરવું પોત છે.

આ સંગ્રહમાં અડસઠ લઘુનિબંધો સમાસ પામ્યા છે. એક જ વિષયના બે નિબંધો મળે છે તો 'સૂરજમુખીઓ' એ વિષયના અગિયાર નિબંધો સમાવ્યા છે. જેમાં ભાવની એકરૂપતા હોવા છતાં પ્રત્યેક નિબંધનું આગવું કાઠું છે, આગવું રૂપ છે. સૂરજમુખીને સંબોધન કરીને નિબંધકાર જાણે એમની સાથે ગોષ્ઠિ કરે છે ! આ ગોષ્ઠિમાં નિબંધકાર જાણે ઓતપ્રોત થઈ ગયા છે. કોઈ અલગ ભાવની આ ગોષ્ઠિમાં નિબંધકારનું હૃદય ખુલ્લું થયું છે. 'અલી, સૂરજમુખીઓ ! તમે આખો દિવસ પેલા સૂરજ સામે કેમ મુગ્ધપણે જોયા કરો છો ?' એમ કહેતાં નિબંધકારનું સૂરજમુખી સાથે જાણે સાયુજ્ય છે અને સૂરજ એમને મન પારકો લાગે છે. 'પેલા સૂરજ' દ્વારા એ ભાવ છતો થયો છે. વળી નિબંધકાર સૂરજમુખીની સાથે ધોખો કરતાં કહે છે – 'આમ તો તમારું ભરાવદાર તેજસ્વી મુખમંડળ જોઈને તમારાથી પ્રભાવિત થઈએ છીએ, પણ તમને તો અમારા તરફ જોવાની ફુરસદ પણ નથી. તમે અમારી અવગણના કરો છો. આટલું બધું રૂપનું અભિમાન ? રૂપ તો યૌવનને ઉંબરે ઊભા હોઈએ ત્યાં સુધી હોય... પણ પછી ?' (પૃ. ૭૪) આ છે નિબંધકારની મુગ્ધતા. વળી સૂરજને ઉદ્દેશીને કહે છે –

'અલ્યા ઓ સૂરજ ! પેલી સૂરજમુખીઓ પર તેં શું કામણ કર્યું છે ? તારી પાસે કામણ કરવા માટે નથી કૃષ્ણ રાખતો હતો તેવી બંસી કે નથી રમતો રાસ ! છતાં ગોપીઓ જેમ આ સૂરજમુખીઓ ભાન ભૂલીને તારા પર કેમ વારી ગઈ છે ? (પૃ. ૮૦)

નિબંધકાર ખુલ્લા મને 'તું રાત્રે નથી હોતો તેટલું સારું છે' (પૃ. ૮૦) કહે છે ત્યારે એમની છૂપી ઈર્ષ્યા વ્યક્ત થાય છે. 'સૂરજમુખીઓ' એ નિબંધગુચ્છ જાણે નિબંધકારની ભાવસૃષ્ટિનું અનુપમ કાવ્ય છે. છેલ્લે તો નિબંધકારને પોતાની બધી વાત 'પ્રલાપ' જેવી લાગે છે. પોતે સૂરજમુખીની 'મનોવૃત્તિ'ને ન કળી શક્યા તે માટે 'દરગુજર'ની લાગણી વ્યક્ત કરે છે. 'પાનખર', 'ધુમ્મસ', 'વસંત', 'પહેલો વરસાદ', 'શરદની વિદાય', 'નદીનો પટ', 'હરણું', 'તળાવડીના તીરેથી' ઇત્યાદિ નિબંધોમાં નિબંધકારની પ્રકૃતિના સૌંદર્યથી લુબ્ધ છવિ પમાય છે. ક્યારેક નિબંધકાર પોતાની જાતને પ્રકૃતિ સાથે જોડે છે તો વળી ક્યારેક જાતને ખસેડીને પ્રકૃતિને માણે છે. એમની પાસે ભાવને વ્યક્ત કરવાની સાનુકૂળ ભાષા છે. ક્યારેક તો એમનું ગદ્ય નવોઢાની નમણી ચાલ જેવું લાગે છે. જાણે વહેતું ઝરણું ! સરળતા સાથે લાલિત્ય એમના ગદ્યનું જમા પાસું છે. કેવું છે એમનું ગદ્ય ! જુઓ –

'શહેરની લાઇટોની આંખોએ મોતિયા આવી ગયા. વાહનોની આંખોમાં ધુમ્મસ ધસી ગયું. આખું શહેર ધુમ્મસમાં ઢબૂરાઈને પડખાં ફેરવે છે. આખું શહેર પ્રદૂષણ પીએ છે. આકાશમાં તારાના તણખા ક્યાંય દેખાતા નથી. ધુમ્મસ રીંછની જેમ ધસમસતું બધે ફરી વળ્યું છે. નદીના કિનારા કે મકાનના મિનારા, ખાડી કે ખીણ, શેરીઓ ને રસ્તાઓમાં જ્યાં જુઓ ત્યાં ધુમ્મસનાં ધસમસતાં રીંછ ફરી વળ્યાં છે, આજની સવાર બુરખો પહેરીને રસ્તે ફરવા નીકળી છે. લૂંટારુને આજે લૂંટવાનો લાગ મળી ગયો છે. આખું શહેર વહેલી સવારે સળવળ્યું ત્યાં ધુમ્મસે તેમને આંખો ચોળતું કરી દીધું. સૂરજ જાગ્યો ત્યારે તેને પણ ધૂંધળું દેખાવા લાગ્યું. શરૂઆતમાં ધુમ્મસે સૂરજને ચારેકોરથી ઘેરી લીધો. સૂરજે બહાર નીકળવા ઘણા ફાંફાં માર્યા પણ ધુમ્મસ એમ કંઈ સૂરજને નીકળવા દે ? ધીરે ધીરે સૂરજે પોતાનાં કિરણો પ્રખર કર્યાં ને તે ઊંચે આભની અટારીએ ચડી ગયો. પછી તો ધુમ્મસને કેવી રીતે તેને ઘેરવાનો લાગ ફાવે ? આખરે સૂરજે પ્રખરતા લાવી ધુમ્મસનાં ધાડાંને શહેરમાંથી હટાવી દીધાં.' (પૃ. ૭)

ઉક્ત ગદ્યખંડમાં ગદ્યની ગતિ છે તો એ કાવ્યગંધી પણ છે. ઉપમા, ઉત્પ્રેક્ષા ને સજીવારોપણ અલંકારોના સહજ વિનિયોગથી નિબંધકારે ધુમ્મસની લીલા જાણે પ્રત્યક્ષ કરી છે ! 'શરદની વિદાય' નિબંધમાં ગભરુ ભડિયાદરા શરદની વાત એ જાણે સજીવ વ્યક્તિ હોય એવી રીતે કરે છે. એમાં એમની પ્રકૃતિ સાથેની તદ્રૂપતા વર્તાય છે. એના આગમનનું સ્મરણ કરીને નિબંધકાર કથે છે –

'જ્યારે ડાંગરની લીલી ક્યારીઓ સભરતાથી છલકાતી હતી ત્યારે તે આવી હતી. વાદળાંઓએ ધીરે ધીરે વિદાય લેવા માંડી હતી ત્યારે તે આવી હતી. જ્યારે ઝાડોના થડ પર વેલીઓ પા પા પગલીઓ ભરતી ઉપર ચડતી હતી ત્યારે તે આવી હતી. આવીને તે નીતર્યા પાણીમાં નહાવા ઊતરતી. જ્યારે ડાંગરની ક્યારીઓ બધી કપાઈ ત્યારે આપણને તાજગી આપીને તે ચાલી નીકળી, પણ એના મનમાં તો ગમગીની લાગે છે. ગમગીની તો લાગે જ ને ?' (પૃ. ૩૩)

'આવી હતી' એ સંયુક્ત ક્રિયાપદ – મુખ્ય ને સહાયકારી-નો ત્રણ વાર ઉપયોગ અને 'ઊતરતી', 'નીકળી', 'ગમગીની' એ ક્રિયાપદોનો અંત્ય દીર્ઘ ઈ ગદ્યના લયને ઉપકારક નીવડે છે. સમાવર્તી શબ્દો દ્વારા ગદ્યનો લય ઊભો કરવાનો નિબંધકારનો યત્ન ક્યારેક સહજ લાગે છે તો ક્યારેક એમાં આયાસની ગંધ પમાય છે. અને નિબંધ કૃતકતાના પ્રદેશનો પરિચય કરાવે છે. લલિતનિબંધમાં આવશ્યક 'હું' અહીં શરમાતો શરમાતો આવે છે. તો કલ્પનાનું ઉડ્ડયન નિબંધકાર પાસે મનભર કલ્પનનું નિર્માણ કરાવે છે. એટલું ખરું કે નિબંધકારની ચુસ્તીથી લલિતનિબંધનું મનોરમ રૂપ મળી રહે છે. અહીં લાઘવ સર્જક પાસે વિષયને અનુરૂપ ભાવની અછતનું નહીં, મેદના અભાવનું પરિણામ છે. એ જ કૃતિના સૌંદર્યનો નિખાર બની રહે છે. નિબંધકારે સંદર્ભોનો સમુચિત વિનિયોગ કર્યો છે. એના ભાર તળે કે એનો ભાર લઈને નિબંધ ચાલતો નથી. ગભરુ ભડિયાદરાના આ નિબંધોમાં પ્રકૃતિ બરાબર ઊઘડી છે જે ઉઘાડના ઉત્સવની પ્રતીતિ કરાવે છે.